# મુંબઈ જળબંબાકાર : જનજીવન ખોરવાયું





સુવિચાર : કટોકટી વખતે ટકી જવા માટે ભગવાને આપણને એક અમૂલ્ય ભેટ આપી છે રડી પડવાની છૂટ - રમેશ ઓઝા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૧ | ૨૦ જૂન, ૨૦૧૫, શનિવાર ; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પાવર ઓફ એટર્ની રદ કર્યા અંગેની જાહેર નોટીસ

આથી અમારા અસીલ શ્રી વિષ્ણુભાઈ બબાભાઈ પટેલ ઉ.વ.આ. પુખ્ત, ધંધો : ખેતી રહે. ઈસનપુરમોટા, તા.જી. ગાંધીનગરનાઓની સુચનાથી સદર જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

મોજે ગામ ઈસનપુરમોટા તા.જી. ગાંધીનગરની રેવન્યુ બ્લોક નંબર :૧૩૭૪ (જુ.સ.નં. ૧૪૨૬/૧) ની હે.આ.ચો.મી. ૦-૫૩-૫૧, બ્લોક નંબર :૧૩૭૩ (જુ.સ.નં. ૧૪૨૬/૨) ની હે.આ.ચો.મી. ૦-૧૪-૨૭, તથા બ્લોક નંબર : ૧૩૭૫ (જુ.સ.નં. ૧૪૨૭) ની હે.આ.ચો.મી. ૦-૪૫-૧૯ ના ક્ષેત્રફળવાળી જુની શરતની પિયત ખેતીની જમીનો મુળ શ્રી વિષ્ણુભાઈ બબાભાઈ પટેલના માલિકી કબજા અને ભોગવટામાં આવેલી હતી. સદર જમીનો શ્રી વિષ્ણુભાઈ બબાભાઈ પટેલે તા. ૪-૯-૨૦૧૦ના રોજ સબ-રજીસ્ટ્રાર કચેરી, ગાંધીનગર ખાતે રજીસ્ટ્રેશન નંબર ૧૯૪૪૩/૨૦૧૦ અને ૧૯૪૪૬/૨૦૧૦થી નોંધણી કરાવી સદર જમીનો સોમાજી ચંદુજી ઠાકોર ઉ.વ.આ. - પુખ્ત, ધંધો-ખેતી, રહે કોટેશ્વર, તા.જી.ગાંધીનગર નાઓને પુરતો અવેજ લઈ વેચાણ આપેલ ત્યારથી સદર જમીનો સોમાજી ચંદુજી ઠાકોરના સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા હેઠળ ચાલતી આવેલ છે. હાલમાં અમોને જાણવા મળેલ છે કે ઉપરોક્ત બંને દસ્તાવેજ કરતી વખતે ધર્મેશકુમાર બીપીનભાઈ પટેલ રહે. કોટેશ્વર તા.જી. ગાંધીનગર નાઓએ સદર જમીનો અંગે કુલમુખત્યારનામું તૈયાર કરાવી અમોને અંધારામાં રાખી, અમારી જાણ બહાર, કપટયુક્ત રીતે સબ-રજીસ્ટ્રાર કચેરી, ગાંધીનગર ખાતે તા. ૪-૯-૨૦૧૦ના રોજ સદર કુલમુખત્યારનામું રજીસ્ટર્ડ કરાવેલ છે. ઉપરોક્ત બંને વેચાણ દસ્તાવેજોમાં ધર્મેશકુમાર બીપીનભાઈ પટેલ સાક્ષી હોવા છતાં તે દસ્તાવેજો થયા બાદ સદર કુલમુખત્યારનામાંની રજી. નંબર ૧૯૪૪૯/૨૨૦૧૦થી નોંધણી કરાવેલ છે. રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગર સમક્ષ ધર્મેશકુમાર બીપનભાઈ પટેલે આ તમામ કાગળો ઉપરોક્ત દસ્તાવેજના છે તેમ કહી અમારી જાણ બહાર કુલમુખત્યારનામામાં સહી કરાવી રજીસ્ટર્ડ કરાવેલ છે. જેથી ધર્મેશકુમાર બીપીનભાઈ પટેલે અમારી સાથે છેતરપીંડી અને ફ્રોડ કરેલ છે. તે માટે અમો તેઓની સામે ફોજદારી અને દીવાની રાહે પગલા લેવાનો અધિકાર અબાધિત રાખીએ છીએ. આથી લાગતા વળગતાઓને જણાવવાનું કે ઉપરોક્ત દર્શાવેલ જમીનો સંદર્ભમાં ધર્મેશકુમાર બીપીનભાઈ પટેલ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવવો નહી. અને જો કરેલ અથવા કરાવેલ હોય તો તેવા તમામ વ્યવહારો "Null and Void" છે તેવું જાણશો. વધુમાં લાગતા વળગતાઓને જણાવવાનું કે ઉપરોક્ત જણાવેલ કુલમુખત્યારનામું કપટયુક્ત એટલે કે "Fraudulent" હોઈ તે પ્રથમથીજ રદબાતલ ગણવા નોંધ લેશો.

અમારી સુચના અને ફરમાઈશથી — વિષ્ણુભાઈ બબાભાઈ પટેલ

અમારી મારફતે — પીનાકીન રાવલ (એડવોકેટ)

# જિલ્લાના ૭૩ હજાર વિદ્યાર્થીઓ યોગ કરશે

## યોગ દિવસની ઉજવણીમાં જિલ્લાની શાળાઓમાં બાયસેગ મારફતે ૩૩ મિનિટ યોગ નિદર્શનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણીને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા કક્ષાની ઉજવણી ઘ-૪ નજીક સેન્ટ્રલ વિસ્ટામાં યોજવામાં આવનાર છે. જયારે જિલ્લાની વિવિધ શાળાઓમાં પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.જેમાં જિલ્લાની ૩૦૬ શાળાઓમાં માધ્યમિક વિભાગના ૭૩ હજાર જેટલા વિધાર્થીઓ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.સમગ્ર દેશ સહિત વિવિધ રાજયોમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.અમદાવાદ ખાતે રાજય કક્ષાની ઉજવણી કરવામાં આવનાર છે.જયારે ગાંધીનગર જિલ્લામાં ૧૧૯૬ સ્થાનોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.જેમાં ૩૨૪૮૨૨ જેટલા લોકો ભાગ લેશે.જિલ્લા કક્ષાની ઉજવણીનાો કાર્યક્રમ સ્વર્ણિમ પાાર્કમાં યોજાશે.જેમાં નગરની સ્વેચ્છિક સંસ્થાઓ ઉપરાંત શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક સંસ્થાઓ પણ ભાગ લેશે.આ ઉપરાંત જિલ્લાની વિવિધ શાળાઓમાં પણ યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવશે.જિલ્લાની ૩૦૬ શાળાઓના ૭૩ હજાર જેટલા



વિધાર્થીઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાશે.શાળાઓમાં સવારે ૭ કલાકથી યોગ નિદર્શનનો કાર્યક્રમ શરૂ થઈ જશે.બાયસેગ મારફતે ૩૩ મિનિટના કાર્યક્રમનું નિદર્શન કરવામાં આવશે. જયારે યોગ દિવસની ઉજવણીને અનુલક્ષી વિધાર્થીઓને તાલીમ પણ આપવામાં આવી રહી છે. યોગ દિવસની ઉજવણીને અનુલક્ષી જિલ્લા તાલુકા કક્ષાએ સંકલન સમિતિ પણ કાર્યરત કરી દેવામાં આવી છે. શાળાઓ ઉપરાંત તાલુકા કક્ષાએ પણ યોગ દિવસની ઉજવણીમાં વિધાર્થીઓ જોડાશે. ગાંધીનગરની જિલ્લા કક્ષાની ઉજવણીમાં પૅણ શાળાના વિધાર્થીઓ જોડાશે. આ ઉપરાંત આમ નાગરિકો પણ આ ઉજવણીમાં ઉત્સાહભેર જોડાશે.


**પ્રવેશ ચાલુ**

BAPU GUJARAT KNOWLEDGE VILLAGE

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
કોમર્સ કોલેજ (ગુજરાતી માધ્યમ)
જૂન-૨૦૧૫થી મંજૂરી મળેલ છે.
F.Y.B.Comમાં પ્રવેશ માટે સંપર્ક કરો

બ્લોક ''એ''
બાપુ ગુજરાત નોલેજ
સમય : સવારે ૯-૩૦ થી સાંજે ૪-૦૦ કલાકે
શંકરસિંહ વાઘેલા બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ
ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ
બાપુ ગુજરાત નોલેજ વિલેજ
ગાંધીનગર - માણસા હાઈ-વે, વાસન, ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૯૭૬૧૭૦, ૯૯૭૯૪ ૧૫૨૯૬



**IndusInd Bank**

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

- વિમાના ૮૫%* સુધી ધિરાણ
- સૌથી ઓછો વ્યાજદર*
- ઝડપી પ્રોસેસ
- સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)


**બેસણું**



**સ્વ. સોની હસમુખલાલ મણીલાલ**

(નીકોડા / બહેરીન) નું તા.૧૬-૦૬-૨૦૧૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૧-૦૬-૨૦૧૫ ને રવિવારના રોજ સવારે ૧૨ થી ૪ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ :- રંગમંચ, પંચદેવ મંદિરની પાછળ, સેક્ટર-૨૨, ગાંધીનગર

કાર્તિક હસમુખલાલ સોની — અરવિંદભાઈ મણીલાલ સોની, મો.૯૯૨૪૮ ૭૪૧૮૪

નોંધ :- પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે

